## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આજના પવિત્ર દિવસે તમને મહાગઠબંધનની વાત કરી બોર નથી કરવા અને નોટબંધીની યાદ દેવડાવી ભય નથી પમાડવા...!!!

# મતદાર જાગૃતિ અભિયાનમાં સામાજિક સક્રિયતા જરૂરી : રાજ્યપાલશ્રી

**શિક્ષિત મતદારની ઉદાસીનતા ચિંતાનો વિષય : બલવંતસિંહ : ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ-કર્મચારીઓને રાજ્યપાલશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા : ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ**




ગાંધીનગર, તા. ૨૫

મતદાર જાગૃતિ એ તંત્રના અભિયાનની સાથે સામાજિક સક્રિયતા ભળશે તો આ દેશનું ભવિષ્ય વધુ ઉજ્જવળ હશે તેવો મત રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ વ્યક્ત કર્યો હતો.

આપણો દેશ પ્રજાસત્તાક દેશ છે, લોકશાહીનો મુખ્ય આધાર ચૂંટણી છે. આપણા દેશની લોકશાહી વધુને વધુ પરિપક્વ બની રહી છે. મતદાતા નિડર રહી મતદાન કરે એ તંદુરસ્ત લોકશાહી માટે અત્યંત આવશ્યક છે. જે લોકો ચૂંટણી પ્રક્રિયામાં નિરૂત્સાહી રહે છે તેઓને વધુ મતદાન કરવા માટે પ્રેરિત કરવા જોઈએ. લોકતંત્રને મજબૂત બનાવવા માટે ભારતીય ચૂંટણી આયોગ તેમજ વિવિધ રાજ્યોના ચૂંટણી આયોગની વિશ્વસનિયતા મહત્વપૂર્ણ છે તે માટે જે કામગીરી થઈ રહી છે તે ખૂબ જ સરાહનીય છે તેમ પણ રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું.

તારીખ ૨૬મી જાન્યુઆરી-૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ બન્યો અને તેના એક દિવસ પૂર્વે તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતીય ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષે ૨૦૧૧થી આ દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યમાં શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે. મતદાતા એ લોકશાહીના સંરક્ષક છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. ભારતમાં વિવિધ સંસ્કૃતિ, ભાષા, ધર્મ-સંપ્રદાય, પ્રાંત, ભૌગોલિક પરિસ્થિતિ, શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અનેક અડચણો વચ્ચે પણ દેશમાં ચૂંટણી પ્રક્રિયાઓ સફળ રીતે સંપન્ન થાય છે તે માટે તેમણે તમામ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને રાજ્યપાલશ્રીએ મતદાન માટે તેમજ અન્ય લોકોમાં મતદાન માટે જાગૃતિ ફેલાવવા અંગે શપથ લેવડાવ્યા હતા.

રાજ્ય ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સમયે દરેક મતદારે મતદાન કરવું જોઈએ જેનાથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વરાજ્યનું સ્વપ્ન સિદ્ધ થશે. શહેરી વિસ્તારોમાં મતદાનની નીચી ટકાવારી ચિંતાજનક હોવાનું પણ તેમણે કહ્યું હતું.

રાજ્ય માહિતી આયોગના પૂર્વ કમિશનર બલવંતસિંહે કહ્યું હતું કે, દેશ અને રાજ્યના ચૂંટણી આયોગે વિવિધ સુધારા કર્યા છે જેના પરિણામે મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે. શિક્ષિત મતદાર દ્વારા મતદાન અંગે દાખવવામાં આવતી ઉદાસીનતા અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી.

મતદાર યાદી સુધારણા-૨૦૧૮માં શ્રેષ્ઠ કામગીરી કરનાર સાબરકાંઠા કલેકટર પ્રવિણા ડી.કે., નવસારી કલેકટર ડૉ. એમ.ડી. મોડિયા, પાટણ કલેકટર આનંદ.બી.પટેલ, તાપી કલેકટર એન.કે. ડામોરને શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે જયારે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે જામનગરના શ્રીમતી એમ.એમ. જોષી, પોરબંદરના કે.જી. ચૌધરી, સુરતના સી.પી. પટેલ અને બનાસકાંઠાના વાય.પી. ઠક્કરને રાજ્યપાલશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. મતદાર નોંધણી અધિકારીમાં ૪૧-ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારના શ્રીમતી ભારતીબેન વાઘેલા, ૩૮-કલોલ મત વિસ્તારના નેહાકુમારી અને ૨૯-ખેડબ્રહ્માના કે.એસ. મોદીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના અંગત સચિવ ડી.એમ. ડાંગર, સેકશન અધિકારી એમ.ડી. મુદલીયાર અને સેવક ભરતભાઈ શાહને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## જામળામાં આસુદેવ અતિથિગૃહ હોલનું રવિવારે ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના જામળા ગામે શ્રી આસુદેવ મહાદેવ જામળામાં આસુદેવ મહાદેવ ટ્રસ્ટ જામળા તથા રણછોડપુરાના ગ્રામજનોના સહયોગથી તા. ૨૭મી જાન્યુઆરી સવારે શ્રી આશુદેવ અતિથિ ગૃહ હોલ અને પાર્ટી પ્લોટનું ઉદ્‌ઘાટન રાખવામાં આવેલ છે.

જામળા-રણછોડપુરાના આસુદેવ મહાદેવમાં અંદાજે દોઢ કરોડ રૂપિયાના ખર્ચે આસુદેવ અતિથિગૃહ-પાર્ટીપ્લોટનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે તા. ૨૬મી જાન્યુઆરીએ રાત્રે લોકડાયરો ભીખુદાન ગઢવીનો યોજેલ છે. સમસ્ત ગામનું ભોજન પ્રસાદ કાર્યક્રમ તા. ૨૭મી જાન્યુઆરી રવિવારે યોજેલ છે. આ પ્રસંગે પરદેશ વસતા અને આજુબાજુના આસુદેવ મહાદેવમાં આસ્થા ધરાવનારાઓ દાન કરેલ છે જે આજુબાજુના ગ્રામજનોને લાભ મળશે.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે કવિશ્વર દલપતરામની ૧૯૯મી જન્મ જયંતિ કાર્યક્રમ યોજાયો હતો. તેમજ અર્વાચીન ગુજરાતનો સર્વ પ્રથમ ગ્રંથ 'ભૂતનિબંધ'ની પુનઃ આવૃતિનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મહંત સદગુરૂ ભગવતપ્રિયદાસજી સ્વામી, શ્રીમતી બીજલબહેન પટેલ, મેયર, ડેપ્યુટી મેયર, જસ્ટીશ સી.કે. ઠક્કર, નિવૃત ન્યાયાધીશ, સુપ્રિમ કોર્ટ, કવિ ભાગ્યેશ જ્હા, ડૉ. રીઝવાન કાદરી તથા કવિ પરિવારના સમગ્ર સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ચોખા પર ગાંધીનું ચિત્ર અને ત્રિરંગા સહિત લખાણ કરાયું



અમદાવાદ,તા. ૨૫

અમદાવાદના મીનીએચર આર્ટિસ્ટ અને ગિનિસ બુક વર્લ્ડરેકોર્ડમાં નામ ધરાવતાં દિપકભાઈ ભટ્ટના સંતાનો એવા પુત્ર કુશ ભટ્ટ અને પુત્રી દેવાંશી ભટ્ટે પણ આ ક્ષેત્રમાં કાઠુ કાઢયું છે. ખાસ કરીને દિપકભાઈના ધોરણ-૭માં અભ્યાસ કરતા પુત્ર કુશ ભટ્ટે ચોખાના એક દાણા પર એકબાજુ, ભારતનો રાષ્ટ્રધ્વજ ત્રિરંગો દોરી તેની નીચે મેરા ભારત મહાન લખ્યું છે અને દાણાની બીજીબાજુ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ચિત્ર દોરવામાં આવ્યું છે. આ અનોખા રેકોર્ડ બદલ કુશ ભટ્ટને તા. ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિન નિમિતે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા તેને ખાસ ટ્રોફી અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આજે સાબરમતી ગાંધીઆશ્રમ ખાતે કુશ ભટ્ટનું ચોખાના દાણા પર એકબાજુ ત્રણ એમએમનું ગાંધી બાપુનું ચિત્ર અને બીજીબાજુ, એક એમએમનો રાષ્ટ્રધ્વજ ત્રિરંગો દોરી તેની નીચે મેરા ભારત મહાન લખવાની અનોખી સિધ્ધિ બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન પામવા બદલ કુશ ભટ્ટે ભારે ખુશી વ્યકત કરતાં જણાવ્યુ કે, ચોખાના દાણા પર આ પ્રકારે મીનીએચર આર્ટની પ્રેરણા તેને તેના પિતામાંથી જ મળી હતી. ચોખાના દાણા પર મહાત્મા ગાંધીનું ચિત્ર, ત્રિરંગો દોરવામાં અને તેની નીચે મેરા ભારત મહાન લખવામાં તેને ૨૦ મિનિટ જેટલો સમય લાગ્યો હતો.

## જાસપુર કેનાલમાં ડૂબેલા બે વિદ્યાર્થીઓની હજુ ભાળ મળતી નથી

**ફાયર બ્રિગેડની ટીમો અને એનડીઆરએફ પણ ઘટનાસ્થળેઃ ડૂબેલા બે પૈકી એક વિદ્યાર્થી સાંસદ મોહન કુંડારીયાનો ભાણેજ**



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક ઉવારસદ ખાતે આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજ ખાતે અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ગઈકાલે કલોલ તાલુકાના જાસપુર નર્મદા કેનાલ પાસે સેલ્ફી લેવા ઉભા હતા ત્યારે પગ લપસી જતા કેનાલમાં ખાબકી ગયા હતા. કેનાલમાં ડૂબી ગયેલા બન્ને વિદ્યાર્થીઓની બે દિવસથી શોધખોળ ચાલી રહી છે પરંતુ હજુ સુધી તેમની કોઈ ભાળ મળી નથી. કેનાલમાં ડૂબેલા બે વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી સાંસદ મોહન કુંડારિયાનો ભાણેજ હોવાનું ધ્યાને આવ્યું છે અને આજે સાંસદ પોતે કેનાલ પાસે આવ્યા હતા. ગાંધીનગર ફાયર બ્રિગેડ ઉપરાંત એનડીઆરએફની ટીમો પણ કેનાલમાં ડુબેલા વિદ્યાર્થીઓની શોધખોળનાં કામે લાગી ગયેલી છે.

મળતી વિગત પમુજ સાંસદ મોહન કુંડારિયાનો ભાણેજ અને મુળ મોરબીનો વતની ૨૦ વર્ષિય ધાર્મિન કોસાન્દ્રા અને તેનો ૧૯ વર્ષિય મિત્ર પ્રીત આદોરજા ગઈ કાલે કલોલની જાસપુર કેનાલ પાસે સેલ્ફી લેવા જતા અંદર પડી ગયા હતા. ગાંધીનગર નજીક ઉવારસદ ગામે આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજની હોસ્ટેલમાં રહી બીજા વર્ષમાં અભ્યાસ કરતા બંને મિત્રો ગઈ કાલે બપોરે અઢી વાગ્યે કલોલ તરફ ગયા હતા. જાસપુર કેનાલ પાસે તેઓ સેલ્ફી લેવા માટે ઉભા રહ્યા હતા, મોબાઈલમાં ફોટા પાડતી વખતે એકનો પગ લપસતા તે કેનાલમાં પડી જતા બીજો તેને બચાવવા કૂદ્યો હતો. જેને પગલે બંને યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાને પગલે સ્થાનિક ફાયરબ્રિગેડના જવાનોએ શોધખોળ શરૂ કર્યા પછી ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ અને એનડીઆરએફની ટીમને પણ બોલાવી લેવાઈ હતી. જેમાં મોડી સાંજ સુધી પાણીમાં બોટ ઉતારીને શોધખોળ કરવા છતા બંનેનો કોઈ પતો લાગ્યો ન હતો. આજે પણ સવારથી જ એનડીઆરએફ અને ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ શરૂ કરી દેવાઈ હતી. ભાણેજ ડુબી જવાના સમાચારને પગલે સાંસદ મોહન કુંડારિયા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મોડી સાંજ સુધી ફાયરબ્રિગેડ અને એનડીઆરએફ દ્વારા આસપાસના ૧૫ થી ૨૦ કિલોમીટર સુધી શોધખોળ કરવા છતા મોડી સાંજ સુધી કોઈની ભાળ મળી ન હતી.

## બળાત્કારના કેસમાં આરોપીને આજીવન કેદની સજાનો હુકમ

**ઇન્દ્રોડા પાર્ક નજીકની જાડીમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હતુ**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરના પ્રવેશદ્વાર પાસે જંગલી જાડીમાં સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે રાંધેજાના આરોપી હાર્દીક અંબાલાલ પટેલને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૫ થી ૩૦ નવેમ્બર વર્ષ ૨૦૧૬ દરમિયાનના સમયગાળામાં આરોપી રમેશ અંબાલાલ પટેલ રહે રાંધેજા એ સગીરાને ઈન્ફોસીટી આગળથી મોટર સાઈકલ પર બેસાડી બળજબરી પુર્વક ઈન્દ્રોડા પાર્ક પાસે જંગલી જાડીમાં લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ સગીરા પર મરજી વિરુધ્ધ શારિરીક સુખ માંણ્યુ હતુ. જયારે થોડા દિવસો બાદ આ અંગે ભોગ બનનારના માતા પિતાને કહી દેવાની ધમકી આપી તેણી પાસેથી પૈસા પણ પડાવ્યા હતા.

પોલીસ ફરિયાદના અંતે આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી જેમાં તેમણે કોર્ટ સમક્ષ દલીલો કરતા જણાંવ્યુ હતુ કે ભોગ બનનારની ઉંમર નાની હતી જયારે કોલેજમાં જતી આવતી હતી અને આરોપી વિટકોસનો ડ્રાઈવર હતો. ભોગ બનનારને લલચાવી ફોસલાવી અઘટીત કૃત્ય કર્યુ હતુ. તેણી પાસેથી મોટી રકમ મંગાવી લઈ પરત આપી ન હતી . આરોપીએ ભોગ બનનારને ધમકીઓ આપી હતી. આરોપીને સખતમાં સખત સજા કરવા તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ . ભોગ બનનારના માતા પિતા અને અમલદાર તેમજ ડોકટરની જુબાની સહીતના પુરાવાઓ તેમજ સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ જજ રસીદાબેન વોરાએ આરોપીને આજીવન કેદની સજા તેમજ રૂ ૨૮ હજારનો દંડ તેમજ દંડની રકમ ભોગ બનનારને વળતર તરીકે ચુકવી આપવા માટે આદેશ કર્યો છે.

બનાસની ધરા પર 'સુસ્વાગતમ્'



નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત સરકાર

વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

પરબતભાઈ પટેલ
મંત્રીશ્રી, ગુજરાત સરકાર

૭૦ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે બનાસની ધરતી પર પધારવા બદલ માન. વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજયનું હાર્દિક સ્વાગત કરવામાં આવે છે તથા બનાસવાસીઓને પ્રજાસત્તાક દિનની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવે છે.

વંદે માતરમ્ વંદે માતરમ્

પરબતભાઈ પટેલ
માન.મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જળ સંપતિ (સ્વતંત્ર હવાલો) પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકાર
અને ચેરમેનશ્રી, માર્કેટ કમિટી, થરાદ
તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રી

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાદ

## ટાટા મોટર્સે જેની લાંબાગાળાથી રાહ જોવાતી હતી તેવી એસયુવી-હેરિયર બજારમાં મુકી

અમદાવાદ, તા. ૨૫

ટાટા મોટર્સે આજે જેની લાંબા ગાળાથી રાહ જોવાતી હતી તેવી એસયુવી હેરિયર બજારમાં મુકી છે. ઓટો એકસ્પો ૨૦૧૮માં સૌપ્રથમ મુકવામાં આવેલ તેના કોન્સેપ્ટ H5Xને કારણે દરેકને અગાઉ ક્યારેય ન કર્યા હોય એક અને દરેક લાક્ષણિકતાઓથી તેવા પ્રભાવિત કર્યા છે. હેરિયરનું વેચાણ ભારતભરમાં ટાટા મોટર્સના ઓથોરાઈડ્ઝ સેલ્સ આઉટલેટ્સ ખાતે વેચાણ કરવામાં આવશે, જે આજથી શરૂ થાય છે અને તેની પ્રારંભિક કિંમત રૂ. ૧૨.૬૯ લાખ છે.

હેરિયર ખરા અર્થમાં વૈશ્વિક સ્તરની એસયુવી ઓફરિંગ છે જે ડિઝાઈન અને શ્રેષ્ઠતાનું સંપૂર્ણ મિશ્રણ છે. આજ ઊંચા પ્રકારની એસયુવી ઓપ્ટીમલ મોડ્યૂલર એફિશિયન્ટ ગ્લોબલ એડવાસ્ડ (OMEGA) આર્કિટેક્ચર પર એન્જિનીયર્ડ કરવામાં આવી છે, જે વિવિધ ભૂપ્રદેશમાં નમૂનારૂપ ડ્રાઈવીંગ અહેસાસ આપવાનું વચન આપે છે. હેરિયર ટાટા મોટર્સની ઈમેપ્કટ ડિઝાઈન ૨.૦ ડિઝાઈન લેંગ્વેજ દર્શાવતું સૌપ્રથમ વાહન છે, જે ગ્રાહકોને તેના આકર્ષક બાહ્ય દેખાવ અને લકઝરિયર્સ સાથે પોતાની તરફ ખેંચી લાવશે.

ટાટા મોટર્સના પેસેન્જર વ્હિકલ બિઝનેસ યુનિટના માર્કેટિંગ વડા વિવેક શ્રીવાસ્તવના અનુસાર 'અમારા દરેક બ્રાન્ડમાંથી વધુ એક વિજેતા સાથે ટાટા મોટર્સ પાછી આવી છે - અમારૂ જેની લાંબા સમયથી રાહ જોવાતી તે ટાટા હેરિયર કે જે પ્રિમીયમ મિડ સાઈઝ એસયુવી સેગમેન્ટમાં અમારા પ્રવેશનો અનુભવ કરાવે છે. આ હેરિયર કંપની તરફથી સૌપ્રથમ ૫ સિટર એસયુવી હશે. OMEGA પર તૈયાર કરાયેલ પ્રથમ પ્રોડકટ હોવાથી, તેમજ લેન્ડરોવરના લિજેન્ડરી D8 પ્લેટફોર્મથી પ્રાપ્ત કરવામાં આવી હોવાથી, હેરિયર એ અમારી મહત્વાકાંક્ષી પ્રોડકટ ડિલીવર કરવાના અમારા સતત પ્રયત્નોનું પ્રમાણ છે. આ સ્ટાઈલિશ નવા વ્હિકલને લોન્ચ કરતા હું ખૂબ જ ઉત્તેજના અનુભવું છુ જે ચોક્કસપણે ટાટા મોટર્સ પીવીબીયુની સ્થિતિને ભારતીય ઓટોમોબાઈલ દોડમાં મજબૂત રાખશે.

## જાહેર ચેતવણી

આથી અમો વિજયસિંહ જે. વાઘેલા, એડવોકેટ તા અમારા અસીલ બલરામ આર. ઝવેરી, ઉ.વ. આ. ૭૬, રહે પ્લોટ નંબર : ૨૪૭/૧, સેક્ટર-૫/એ, ગાંધીનગરનાની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપીએ છીએ કે.,

અમારા અસીલના પુત્ર અલ્પેશ બલરામ ઝવેરી તથા તેમના પત્ની અને સંતાનો છેલ્લા ઘણા વર્ષોથી અમારા અસીલના કહ્યામાં ન હોઈ, તેમજ કલ્પેશ વ્યસની હોઈ તેમજ અમારા અસીલ વયોવૃદ્ધ હોવા છતાં તેઓની દરકાર રાખતા ન હોવાથી પુત્ર, પુત્રવધુ તેમજ પૌત્ર-પૌત્રી તરીકેના તમામ સંબંધોનો અંત લાવેલ છે. તેમજ અમારા અસલીએ તેમની પોતાની તમામ મિલકતો સ્થાવર તેમજ જંગમ મિલકતોમાંથી કલ્પેશ કે તેમના વારસોને કોઈ જ હક્ક હિસ્સો નહી આપવાનું નક્કી કરી તેમની તમામ મિલકતોમાંથી તેઓને બેદખલ યાને ફારેગ કરેલ છે. જેથી ઉપરોક્ત કલ્પેશ બલરામ ઝવેરી તથા તેમના પરિવાર સાથે અમારા અસલીના નામ જોગ કોઈપણ ઈસમોએ કોઈપણ જાતના નાણાંકીય કે અન્ય વ્યવહારો કરવા કરાવવવા નહી તેમ છતાં જો કોઈ વ્યવહારો કરવામાં આવશે તો તે અંગેની અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહીં જેની ગંભીર નોંધ લેવી.

તા. ૧૭/૧/૧૯, ગાંધીનગર

લી. બલરામ આર. ઝવેરી
સહી/-
મારી મારફતે
વિજયસિંહ જે. વાઘેલા, એડવોકેટ
મો. ૯૮૨૪૩ ૩૪૯૯૨